આકાશવાણી, અમદાવાદ

25-06-2025 Midday: 2.30 TO 2.35

Day: Wednesday Regional News

## GNR SAMVIDHAN HATYA DIVAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરમાં સંવિધાન હત્યા દિવસ મનાવવામાં આવ્યો. આ પ્રસંગે કાયદા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય ઇન્દિરા ગાંધીએ 50 વર્ષ પહેલાં કટોકટી લાદી દેશને બાનમાં લીધો હતો. તેમણે ઉમેર્યું દેશમાં 50 વર્ષ પહેલાં થયેલી ભૂલોને જાણવી જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ 1975માં આજનાં દિવસે દેશમાં લાદવામાં આવેલી કટોકટીને ભારતીય ઇતિહાસમાં કાળા દિવસ તરીકે યાદ રાખવામાં આવે છે. કટોકટી દરમિયાન સરકારે અખબારો પર કડક સેન્સરશીપ લાદી હતી. દરમિયાન જયપ્રકાશ નારાયણ, લાલકૃષ્ણ અડવાણી, અટલબિહારી વાજપેયી, મોરારજી દેસાઇ, મધુ દંડવતે સહિતનાં સંખ્યાંબધ વિરોધ પક્ષનાં નેતાઓની સામૂહિક ધરપકડ કરવામાં આવી હતી, જેનો દેશભરમાં ભારે વિરોધ થયો હતો.
કટોકટીથી પીડિત દરેક વ્યકિતને શ્રદ્ધાંજલિ આપવાનો પણ આ દિવસ છે.

. . . . . . . . . . . .

## STATE SAMVIDHAN HATYA DIVAS

રાજ્ય સહિત સમગ્ર દેશમાં આજે સંવિધાન હત્યા દિવસ મનાવવામાં આવી રહ્યો છે. બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે પ્રભારી મંત્રી બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષસ્થાને આ દિવસ મનાવાયો. આ પ્રસંગે શ્રી રાજપૂતે જણાવ્યું કે વર્ષ 1975માં લાદવામાં આવેલી એ માત્ર કટોકટી નહોતી, એ લોકશાહી, સ્વતંત્રતા અને મૌલિક હકો પર કરવામાં આવેલો એક ગંભીર હુમલો હતો. પાટણના સાંસદ ભરતસિંહ ડાભીએ 25મી જૂનને સંવિધાન માટેનો કલંકિત દિવસ ગણાવ્યો. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી ખાતે સંવિધાન હત્યા દિવસને લઈ યોજાયેલા કાર્યક્રમ તેમણે આ મુજબ જણાવ્યું.
સંવિધાન હત્યા દિવસ' અન્વયે સુરેન્દ્રનગરમાં નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાના અધ્યક્ષસ્થાને વિશેષ કાર્યક્રમ યોજાયો. મહીસાગરના લુણાવાડા તાલુકાના મોટા સોનેલામાં સાંસદ રાજપાલસિંહ જાદવની ઉપસ્થિતિમાં સંવિધાન અને લોકશાહીના મૂલ્યોનું સ્મરણ કરવા કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કટોકટીમાં જેલવાસ ભોગવનાર સ્વર્ગસ્થ રમણભાઈ જોશી પરિવારનું સન્માન કરાયું. દરમિયાન, ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત સરકારી માધ્યમિક શાળા ખાતે વિધાનસભાના નાયબ દંડક અને ધારાસભ્ય વિજય પટેલના અધ્યક્ષ સ્થાને 'સંવિધાન હત્યા દિવસ' કાર્યક્રમનુ આયોજન કરાયુ. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યુ વર્ષ ૧૯૭૫ની કટોકટી માત્ર એક રાજકીય નિર્ણય ન હતો, પરંતુ તે ભારતના સંવિધાન અને લોકશાહીના મૂલ્યો પર સીધો પ્રહાર હતો.

. . . . . . . . . . . .

## GRAM PANCHAYAT RESULT

રાજ્યભરમાં 22 જૂને યોજાયેલી ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા ચૂંટણી માટેની આજે મતગણતરી ચાલી રહી છે.

પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે, પાટણના યુનિવર્સિટી પરિસરમાં બીબીએ ભવન અને સરસ્વતી તાલુકામાં કેન્દ્રીય વિદ્યાલય પરિસર સહિત જિલ્લાના તમામ નવ તાલુકા મથક ખાતે મતગણતરી ચાલી રહી છે. ગ્રામજનો વિજેતાઓને અબીલ ગુલાલથી વધાવી રહ્યા છે.

મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, પઢારિયા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં રતનસિંહ ચાવડા એક મતથી વિજયી થયા છે.

બોટાદના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે, બોટાદ તાલુકાની મૉડેલ સ્કૂલ ખાતે મતગણતરી ચાલી રહી છે. મતગણતરી કેન્દ્રમાંથી વિવિધ ગામનાં સરપંચ અને વૉર્ડના વિજેતા ઉમેદવારના નામ જાહેર કરવામાં આવી રહ્યા છે.

સુરતનાં અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે, ઓલપાડના કાછોલ ગામમાં કિરણ પટેલ અને કાસલા બુજરંગ ગામના ચેતન પટેલનો સરપંચ પદે વિજય થયો છે.

કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે, જિલ્લામાં 129 ગ્રામ પંચાયત માટેની મતગણતરી ચાલી રહી છે.

મોરબીના અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે, હળવદના નવા વેગડવાવ ગામમાં વૉર્ડ નંબર 2-માં બંને ઉમેદવારને એક સરખા 38 મત મળતાં ટાઈ પડી છે. ત્યારબાદ ચિઠ્ઠી ઉછાળી ઉમેદવાર નક્કી કરાતાં અલ્પાબેન મકવાણાને વિજેતાં જાહેર કરાયાં છે.

ભરૂચના અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે, આજની મતગણતરીમાં 67 પંચાયતના સભ્યો અને સરપંચ ઉમેદવારનું ભાવિ નક્કી થશે. જિલ્લાની 85 ગ્રામ પંચાયતમાંથી 18 પંચાયત અગાઉ સમરસ જાહેર થઈ હતી.

સુરેન્દ્રનગરના અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે, 41 ગ્રામ પંચાયતની ચૂંટણી માટે આજે 10 કેન્દ્ર પર મતગણતરી ચાલી રહી છે.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, જિલ્લામાં ચાર સ્થળ પર 33 સભાખંડમાં મતગણતરી ચાલી રહી છે. 380થી વધુ લોકો મતગણતરીના કામમાં જોડાયા છે.

તાપીના અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે, 47 ગ્રામ પંચાયતના 45 સરપંચ અને 262 વૉર્ડ સભ્યનું ભાવિ આજે નક્કી થશે.

મહીસાગરના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે, જિલ્લાના ખાનપુર, લુણાવાડા, કડાણા, સંતરામપુર, વિરપૂર અને બાલાસિનોરમાં વરસાદી માહોલ વચ્ચે મત ગણતરી શરૂ કરવામાં આવી છે.

જામનગરના અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે, જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે D.K.V. મહાવિદ્યાલય ખાતે સ્થાપિત મતગણતરી કેન્દ્રની મુલાકાત લઈ સંચાલન અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી.

. . . . . . . . . .